સપ્ટેમ્બર ૨૦૧૦ વર્ષ ૩ અંક ૫

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES

ONE WORLD ONE HUMANITY

માત્ર અંગત પ્રકાશન માટે જ

# પૂ.માસ્ટરનો ૮૪મો જન્મોત્સવ

## ૨૩ થી ૨૬ જુલાઈ ૨૦૧૦, લખનૌ



Master addressing abhyasis at Lucknow, July 2010

ભારતમાં લખનૌનો આશ્રમ ૬૦ એકરથી પણ વધારે જમીન ઉપર, અભ્યાસીઓ માટેની મોટી કોલોનીના આયોજન સહિત સૌથી મોટા આશ્રમોમાંનો એક આશ્રમ છે. આ વખતે, વર્ષના આ સમય દરમિયાન પડતા સરેરાશ વરસાદનો વિચાર કરીને અગાઉથી જ જરૂરી તૈયારીનું ઘણું કાર્ય મેદાનમાં કરવામાં આવ્યું હતું. અભ્યાસીઓ માટે સુવિધાપૂર્વક હરવા ફરવા, વરસાદના પાણીનો નિકાલ કરવાની પધ્ધતિ સહિત, સિમેંટ કોંક્રિટના રસ્તા બનાવવામાં આવ્યા હતા. વરસાદ સામે ટકી શકે એવા મેડિટેશન હોલ, ભોજનાલય, કેન્ટિન અને બીજા ઉપયોગી સ્ટોલ માટે વિશાળ આશ્રયસ્થાનો ઉભા કરવામાં આવ્યા હતા.

૨૧મી જુલાઈની બપોરે, પૂ.માસ્ટર આવી ગયા. એમનું સ્વાગત કરવા ૧૫,૦૦૦ અભ્યાસીઓ હાજર હતા. એ દિવસે સાંજે એમણે નવો બાંધવામાં આવેલો મેડિટેશન હોલ બાબુજી મહારાજને અર્પણ કર્યો હતો. ૩૦૦૦ અભ્યાસીઓ બેસવાની ક્ષમતા ધરાવતો આ હોલ ૧૫,૦૦૦ ચો.ફૂટ ક્ષેત્રફળ ધરાવે છે.







"પ્રેમ અને કૃતજ્ઞતા" આ ઉત્સવનો કેન્દ્રવિચાર હતો, જેની શરૂઆત સમગ્ર ભારત તથા વિદેશથી આવેલા ૪૦,૦૦૦ થી વધારે પ્રતિનિધિઓથી થઈ હતી. ઉત્સવના અગત્યના પાસામાં, પૂ.માસ્ટરે કરાવેલા કુલ ૨૪ લગ્નો હતાં. વિચારપ્રેરક ત્રણ વકતવ્યોથી એમણે આપણને આશીર્વાદ આપ્યા હતા. ૨૪મી જુલાઈએ તેમણે 'સહજ માર્ગનું અનંતતા તરફ પ્રયાણ' વિશે બોલતાં કહ્યું:

★સહજ માર્ગમાં ૪૬ વર્ષો પછી હજીપણ હું અનંત યાત્રાના માર્ગે પ્રયાણ કરી રહ્યો છું. સહજ માર્ગમાં આપણે અનંતતા તરફ આગળ વધીએ છીએ. આપણે અનંતતાને હસ્તગત કરવાની છે અને તેને આપણી મુઠ્ઠીમાં રાખવાની છે.

★આપણે વિચારીએ છીએ કે ગુરુજી આપણા માટે બધું જ કરશે, પણ એ માટે આપણો સહકાર ૧૦૦% હોવો જોઈએ, જો તેમ હોય, તો પછી એમની સહાયતા ૧૦૦૦% હશે.

★સાધના એ અંત નથી; પણ સાધના દ્વારા, આપણે આપણી નિર્ભરતા ગુરુજીને સોંપીએ છીએ.

૨૫મી જુલાઈ, ગુરુપૂર્ણિમાના દિવસે સવારના એમના વકતવ્યમાં પૂ.માસ્ટરે કહ્યું હતું:

★જે લોકો આ દિવસે ગુરુજીના સાંનિધ્યમાં છે, એમની પ્રગતિ વધારે ઝડપથી થાય છે.

★આપણે આપણી ઉન્નતિ માટે આપણાં પોતાનાં કર્તવ્યો અને ફરજો પ્રત્યેની આવશ્યકતા માટે, સજાગ રહેવું જ જોઈએ.

તે સાંજે બોલતી વખતે અને એ પછી પણ માસ્ટર હાંફતા હતા. છતાં એવી હાલતમાં એમણે કેટલાંક અભ્યાસીઓને કહ્યું હતું, "હું બીમાર છું કે નહી, એ હું નથી જાણતો, પણ હું બીલકુલ ઠીક તો નથી.''

૨૬મી જુલાઈના રોજ, સવારમાં સમારંભના સમાપન ભાષણમાં અવલોકન કર્યું હતું :

★બાબુજી મહારાજ હમેશાં કહેતા હતા કે માત્ર એકજ વસ્તુનો અંત નથી અને તે છે, આધ્યાત્મિક જીવન, કારણકે આત્મા દિવ્યતાનો જ એક અંશ હોવાથી, એ અમર અને કાયમી છે.

★બાબુજી મહારાજ કહેતા હતા કે મનુષ્યના જીવનમાં સૌથી પવિત્ર માતાનો પ્રેમ છે, તેથી તમારા ગુરુને તમારી માતા તરીકે સ્વીકારો.

★જ્યારે આપણે અગાઉથી ધારી લીધા વગર, વળતરમાં કોઈપણ વસ્તુની આશા રાખ્યા વગર, સેવા કરીએ, તો તે એ પવિત્ર સેવા છે.

★એમના હૃદયને જીતવાનો એકમાત્ર સૌથી સરળ રસ્તો છે, સેવા. માસ્ટરને આપણી સેવાની જરૂર નથી પણ તે એના જેવું છે કે જેમ એક બાળક પોતાની માતાની સાથે હોવાને કારણે માતાને મદદ કરતું હોય, તે એક સ્વાભાવિક વસ્તુ હોય, તો આખરે બાળક તેની માતા સાથે એકરૂપ થઈ જાય છે.





શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

સવારના અને સાંજના કાર્યક્રમ દરમિયાન, બહેન અર્પણા ઘોષ, રંજના મહેતા, મીના મિશ્રા અને ભાઈ ગુરુપ્રિતે કેટલાંક ભજનો રજૂ કર્યા હતા. તે ઉપરાંત અન્ય કાર્યક્રમોમાં, બહેન કે.સૌમ્યા દ્વારા ભારત નાટયમ પરનું નૃત્ય અને વડોદરાના અભ્યાસીઓ દ્વારા રજૂ કરવામાં આવેલું સંત કબીરના જીવન પરનું નાટક હતા તથા રશિયાથી આવેલા અભ્યાસીઓ દ્વારા સંગીતનો કાર્યક્રમ ભજવવામાં કરવામાં આવ્યો હતો.

આ ઉત્સવ મિશનના ઘણા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો પ્રસંગ પણ હતો, જેમકે એસએમઆરટીઆઈ, સીઆરઈએસટી, વીબીએસ, એસએચપીટી, એકોઝ ન્યુઝલેટર, વેબસાઈટ તથા આઈટી ટીમની બેઠક અને આગામી કાર્યોનું આયોજન. મિશનની કાર્યકારી સમિતિની બેઠક પછી, પૂ.માસ્ટરે, ‘‘વ્હિસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ – એ થર્ડ રીવીલેશન"નું વિમોચન કરતાં કહ્યું હતું, "અહીં જે કંઈ બને છે, એની જાણ ‘તેમને’ હોય છે. આ એક માછલીઘર જેવું છે, જેની અંદર આપણે બધા છીએ, પણ બહારથી ‘તેઓ’ આપણને બધાને જુએ છે." પોતાના સ્વાસ્થ્ય અને કાર્યનો ઉલ્લેખ કરતાં એમણે કહ્યું હતું કે જ્યારે આવશ્યકતા પડી, ત્યારે બાબુજી બ્રિટિશ કોન્સ્યુલેટ્ના કેટલાક માળ પણ ચઢી શક્યા હતા. તેમણે કહ્યું હતું, "હું અશક્ત હોઈ શકું છું, હું અભણ હોઈ શકું છું, પણ જ્યારે સંજોગો મને પડકાર આપે, ત્યારે હું કંઈ પણ કરી શકું છું!" માસ્ટરે એમાં ઉમેરો કરતાં કહ્યું હતું, "મારા ગુરુજીએ જે કર્યું, એના સોમા કે હજારમાં ભાગનું કરવાનો પ્રયત્ન પણ મારે શું ના કરવો જોઈએ?"

પૂ.માસ્ટરની એ કૃપા હતી કે તેમણે સમગ્ર વિશ્વમાંથી આવેલા અભ્યાસીઓ અને કાર્યકર્તાઓને મળવા માટે, મિશનનાં કાર્યોની ચર્ચા કરવા માટે અને એમને માર્ગદર્શન આપવા ઉપરાંત વ્યક્તિગત અભ્યાસીઓ(અને એમના બાળકો) સાથે મીટીંગ કરીને એમની અંગત સમસ્યાઓ અને પ્રશ્નો તરફ ધ્યાન આપવા માટે સમય ફાળવ્યો હતો.

હંમેશ મુજબ, ઉત્સવ દરમિયાન ચિલ્ડ્રન સેન્ટર, પ્રવૃતિઓ અને આનંદ માટેનું એક કેન્દ્ર બન્યું હતું. ૪૨૦૦થી વધારે બાળકોનું મનોરંજન કેટલીક પ્રવૃતિઓ, જેમ કે જાદુ, કઠપૂતળીના ખેલ, રમતો, કલા અને હસ્તકલાથી કરવામાં આવ્યું હતું.

ખૂબજ સારી રીતે આયોજીત ઉત્સવની ચિર સ્મરણીય સ્મૃતિ, એટલે માતાના રૂપમાં માત્ર માસ્ટર. તેઓ અથાક રીતે કાર્ય કરે છે, પોતાના સ્વાસ્થ્ય કે આરામનો વિચાર કર્યા વિના સતત પરિશ્રમ કરે છે અને સામુહિક તથા વ્યક્તિગત રૂપે બધાની સંભાળ લે.


Dining Hall


Meditation Hall


Children's Centre



## પૂ.માસ્ટરના પ્રવાસો

### ચેન્નાઈ

પૂ.માસ્ટરે એમનો મોટા ભાગનો સમય ઘર અને આશ્રમ વચ્ચે આવ–જા કરીને આરામ કરવામાં વિતાવ્યો હતો. એમણે ગાયત્રીમાં એમનો સવાર–સાંજનો સમય મુલાકાતીઓ સાથે વિતાવ્યો હતો અને કોઈ કોઈવાર સત્સંગનું સંચાલન કર્યું હતું. એમણે મરીના બીચની મુલાકાત પણ લીધી હતી અને અભ્યાસીઓ સાથે વાતો કરવામાં અને પ્રશ્નોના જવાબ આપવામાં તેમનો સમય ફાળવ્યો હતો. જ્યારે તેમને અભ્યાસીઓની ભૂમિકા અને આશાઓ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે ખૂબ સ્પષ્ટપણે તેમણે કહ્યું હતું, "કોઈપણ જાતની આશા રાખ્યા વગર, જે કરવું જોઈએ, તે કરો. ’કર્મયોગ’નો એ જ સારાંશ છે." એકાદ કલાક વિનોદ કર્યા પછી, પ્રશ્નોના જવાબ આપીને તેમણે આઈસ્ક્રીમ ખાધો. પછી જ્યારે તેઓ જવા લાગ્યા, ત્યારે અભ્યાસીઓ એમને જતા જોઈ જ રહ્યા અને ઈચ્છતા હતા કે સમય થંભી જાય અને તેઓ એમની સાથે વધારે સમય ગાળે. શાળામાં કેટલીક મુલાકાતો પછી ૮મી જુલાઈએ તેઓ કોલકતા જવા રવાના થયા હતા.

### સીલીગુરી, વેસ્ટ બંગાલ

પૂ.માસ્ટરે ૯મી અને ૧૧મી જુલાઈએ સીલીગુરી સેન્ટરની મુલાકાત લીધી હતી. સ્થાનીક ઉપરાંત નેપાળ સહિતના આજુબાજુના સેન્ટરના અભ્યાસીઓએ,







પૂ.માસ્ટરનું બાગડોગરામાં સ્વાગત કર્યું હતું રીપબ્લીક ઓફ નેપાળમાં તાજેતરમાં જ મિશનને રજીસ્ટર કરવામાં આવ્યું છે, અને ત્યાંના મિશનના કાર્યકર્તાઓ માટે પૂ.માસ્ટરે તેમના સંદેશમાં લખ્યું હતું, "નેપાળના લોકો આ બાબતે સભાન ન હોવા છતાં તેમને માટે ખરેખર આ દિવસ મહાન છે, જો કે હવે ત્યાંના લોકો પ્રત્યે સાચી આધ્યાત્મિક સેવા બજાવવા માટે, આપણે આપણી જાતને, ખરેખર ઈમાનદારીપૂર્વક પ્રેમ અને નિષ્ઠાપૂર્વક કામે લગાડવી પડશે." ત્યારબાદ, ૧૦મી જુલાઈના રોજ નેપાળના બોર્ડ ઓફ ડીરેક્ટર્સ ઉપરાંત સભ્યોની જનરલ એસેમ્બલી સાથે, પહેલી મીટીંગ સીલીગુરી આશ્રમ ખાતે રાખવામાં આવી હતી.

૧૧મીની સવારે પૂ.માસ્ટરે મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું હતું અને આ પ્રસંગે તેમણે તેમના વક્તવ્યમાં અભ્યાસીઓમાં તેમના બહારના વ્યહવારમાં પરિવર્તનની આવશ્યકતા માટે ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે જ્યાં સુધી આમ થાય નહીં ત્યાં સુધી બીજું બધું જ વ્યર્થ છે. એમણે એમ પણ કહ્યું હતું, "સહજ માર્ગમાં હું છેલ્લાં ૪૦ વર્ષોથી જોતો આવ્યો છું કે મનુષ્યો તરીકે આપણી અંદર સુધારો આવતો નથી. તમારી અંદરની તમારી આધ્યાત્મિક હાલત, જે કંઈ પણ છે એ માસ્ટર તો જાણે છે, પણ જ્યાં સુધી તમે જેવા અંદર છો એવા બહાર નથી, તો બધું જ વ્યર્થ છે. અંદરનું અને બહારનું સંતુલન હોવું જ જોઈએ. વિચાર અને કાર્યોનું સંતુલન હોવું જ જોઈએ. તમે જે માનો છો, એ જ કરો અને જે કરો છો, એ જ માનો. આ જ સહજ માર્ગના મૂળભૂત વિચારો છે. મને ડર છે, આપણા પ્રશિક્ષકો, અભ્યાસીઓની આ મૂળભૂત આવશ્યકતાઓ પર જોઈએ એટલું મહત્ત્વ આપતા નથી."

માસ્ટરે જાહેર કર્યું હતું કે સીલીગુરી આશ્રમ ખાતે ભોજન અને રહેવાની જગ્યા નિ:શુલ્ક રહેશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે પૂર્વ અને ઉત્તરનાં બધાં જ રાજ્યો એનો રિટ્રીટ તરીકે ઉપયોગ કરશે અને ત્યાં ઓછામાં ઓછાં ૩ થી ૪ પ્રાદેશિક સંમેલનો થશે.

૧૧મીએ બપોરે માસ્ટર કોલકતા જવા રવાના થયા હતા. એમનો મુકામ આશ્રમમાં કરતાં પહેલાં, તેઓ ભાઈ અજય ભટ્ટરના ઘરે બે દિવસ રોકાયા હતા. ૧૪ થી ૧૯ જુલાઈ સુધી રશિયા અને સીઆઈએસ ના બીજા દેશોમાંથી આવેલા લગભગ ૩૦૦ અભ્યાસીઓ માટે સેમિનાર રાખવામાં આવ્યો હતો. રોજિંદા કાર્યક્રમમાં, સવારના ૬ થી સાંજના ૯ સુધીમાં સત્સંગો, વ્યક્તિગત બેઠકો, વિવિધ વિષયો પર વક્તવ્યો અને સામૂહિક ચર્ચાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સાંજનો સમય પૂ.માસ્ટરે કોટેજની લોનમાં અભ્યાસીઓ સાથે ગાળ્યો હતો. તેમણે પ્રશ્નોના જવાબ આપ્યા હતા, શંકાઓનું નિરાકરણ કર્યું હતું અને ગહન બોધ આપતી કેટલીક કથાઓ કહી હતી.

સેમિનારમાં 'પરિવર્તન લાવવાની ઈચ્છા', 'સહજ માર્ગનો અભ્યાસ' અને 'વિચારની શક્તિ' જેવા વિષયો પર અભ્યાસીઓએ વક્તવ્યો આપ્યા હતા. આ વક્તવ્યોએ અભ્યાસ અને આપણા દૈનિક જીવન પર પડતી એની અસર, જેવા સૂક્ષ્મ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો.

મુલાકાત લેનારા અભ્યાસીઓએ સહકાર અને સહિષ્ણુતાનું ઉમદા અધારચિહ્ન પૂરું પાડ્યું હતું. કોલકતાનું ગરમ અને ભેજવાળું વાતાવરણ અને એના પરિણામે સ્વાથ્ય પર થનારી સમસ્યાઓ, એમના માટે કસોટીજનક હતી. છતાં પણ માસ્ટર સાથેની એમની મુલાકતના હેતુ માટેની એકાગ્રતા પર, આ બધાની અસર ના થવા દેવા માટે તેઓ દ્રઢ રહ્યા હતા.

## જયપુર



લખનૌ ઉત્સવ પછી પૂ.માસ્ટર દિલ્હી રોકાયા અને ૨૯મી જુલાઈના રોજ તેઓ વાહનમાર્ગે ગુરગાંવથી જયપુર પહોંચ્યા. લગભગ ૩૦૦ અભ્યાસીઓએ પૂ.માસ્ટરનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને પહોંચતાની સાથે જ તેમણે નવા બંધાયેલા કોટેજનું ઉદઘાટન કર્યું. તેઓ કોટેજની આજુબાજુ ફર્યા અને તેમણે બાંધકામ વિશે ઘણી વિગતો પૂછી. તેમણે કહ્યું કે તેઓ જ્યારે વાહનમાર્ગે મુસાફરી કરે છે, ત્યારે તેઓ સ્વસ્થ હોય છે, પરંતુ વિમાનમાર્ગે એક કલાકની મુસાફરી પણ તેમને થકવી નાંખે છે. તેઓ વરંડામાં આવેલા હીંચકા પર બેઠા અને ત્યાં એકઠા થયેલાં અભ્યાસીઓ સાથે તેમણે વાતો કરી.

સાંજે તેઓ કોટેજની બહાર આવ્યા અને તેની લોન પર બેસીને એક કલાક ગાળ્યો. અનૌપચારિક વાતોમાં તેમણે કહ્યું કે તેઓ દરેક સંજોગોમાં ખુશ હોય છે. દરેકે તમામ પરિસ્થિતિઓમાં હંમેશાં ખુશ રહેવું જોઈએ.





શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર


Jaipur meditation hall


Jaipur: cottage lawns

બીજે દિવસે સવારે માસ્ટરને મેડિટેશન હોલની જોડેની અગાશી પર બેઠેલા જોઈને સૌ વિસ્મય પામ્યા. તેમણે થોડીવાર ઠંડી હવાની લહેર માણી અને પછી તેઓ સીધા મેડિટેશન હોલ તરફ ગયા, જ્યાં એક કલાક સત્સંગ કરાવ્યો. આખાય દિવસ દરમિયાન તેઓ અભ્યાસીઓને મળવામાં અને તેમનું કાર્ય કરવામાં વ્યસ્ત રહ્યા. બપોરે ૩.૩૦ વાગે તેમણે બધાં અભ્યાસીઓને જમવાના સ્થળે ચા માટેનું આમંત્રણ આપ્યું. પૂ.માસ્ટર બધાંની સાથે અડધો કલાક બેઠા અને ચા–કોફી સાથે નાસ્તાનો આનંદ માણ્યો. પછી તેમણે સાંજે ૫.૩૦ વાગ્યાનો સત્સંગ કરાવ્યો.

૩૦મીએ માસ્ટરે નવા મેડિટેશન હોલનું ઉદઘાટન કર્યું અને તેને તેમના ગુરુજી, બાબુજી મહારાજને અર્પણ કર્યો. તેમણે રાજસ્થાનથી આવેલા ૧૫૦૦ અભ્યાસીઓ, તેમજ કેટલાક વિદેશીઓ અને આજુબાજુના રાજ્યોમાંથી આવેલા અભ્યાસીઓને સવારે ૯ વાગે સત્સંગ કરાવ્યો. સત્સંગ પછી તેઓ ગોલ્ફ કાર્ટમાં આશ્રમની ફરતે ફર્યા. ગ્રામ સરપંચ અને બીજાઓએ પૂ.માસ્ટરનું પરંપરાગત સ્વાગત કર્યું અને 'તેમણે' તે સૌને પ્રસાદ તથા આશીર્વાદ આપ્યા.

તે સાંજે પૂ.માસ્ટરે લોન પર એક કલાક બેસીને, ઘણાં બધાં અભ્યાસીઓ સાથે વાતો કરી, બાળકોની કવિતાઓ અને ગીતો સાંભળ્યા અને અભ્યાસીઓના પ્રશ્નોનાં ઉત્તર આપ્યા.

૩૧મીએ સવારે તેમણે સત્સંગ કરાવ્યો. તે સાંજે તેમણે વિદેશી અભ્યાસીઓને સીટીંગ માટે તેમના કોટેજમાં બોલાવ્યા, ત્યારે ૨૦૦થી પણ વધારે વિદેશી અભ્યાસીઓ હાજર હતા.

૧લી ઓગસ્ટે, માસ્ટરે સવારનો સત્સંગ કરાવ્યો, બહેન રંજનાના ભજનો સાંભળ્યા અને પ્રવચન આપ્યું. તેમણે પૂરતો સમય ગાળીને આશ્રમની લટાર મારી અને તેની જોડેની કોલોની 'માસ્ટર્સ ક્રિએશન'માં પણ ગયા. આશ્રમનો વિસ્તાર લગભગ ૧૦ એકર છે અને કોલોની ૨૦ એકરની છે.

દિવસ દરમિયાન પૂ.માસ્ટર બીજા કેટલાક અભ્યાસીઓને મળ્યા. બપોરે લગભગ ૩ વાગે તેઓ વિમાનમાર્ગે મુંબઈ જવા રવાના થયા. તેમના રોકાણ દરમિયાન, તેઓ તેમના ઓફિસકાર્યમાં પણ વ્યસ્ત રહ્યા, તેમણે ઈમેલોના જવાબ આપ્યા, વહીવટી કાર્ય સંભાળ્યું, તેમજ તેમણે પ્રશિક્ષકો બનાવ્યા.

## મુંબઈ

જેવું માસ્ટરે ૧લી ઓગસ્ટના રોજ મુંબઈની મુલાકાત લેવાનું નક્કી કર્યું, તેવા જ મુંબઈના અભ્યાસીઓ ખુશ થઈ ગયા. કેટલાંક તો હજી હમણાં જ લખનૌથી પાછા ફર્યા હતા અને મૂશળધાર વરસાદ હોવા છતાં પણ સૌ પૂ.માસ્ટરને આવકારવાના કાર્યમાં મચી ગયા. મુંબઈ અને આજુબાજુના કેન્દ્રોમાંથી લગભગ ૧૫૦૦ અભ્યાસીઓ પનવેલ આશ્રમ ખાતે એકઠા થયા હતા.

પૂ.માસ્ટર જયપુરથી સાંજે ૭.૨૦ વાગે આવી પહોંચ્યા અને સીધા આશ્રમ પર ગયા. એક યુવાન અને ઉત્સાહી જૂથે એક ખાસ તૈયાર કરેલા ગીતથી તેમનું અભિવાદન કર્યું. સૌની વચ્ચે તેઓ આનંદિત અને ખુશમિજાજ હતા. તેમને આરામની જરૂર હોવા છતાં, તેમણે તે નકારીને કહ્યું કે તેમને પહેલાં અભ્યાસીઓને મળવું હતું. તેઓ જમવાના ઓરડામાં આવ્યા અને કંઈ કેટલાંય ઉત્સુક હૃદયો, જે તેમના પ્રિયતમના દર્શન ઝંખતા હતા, તેમની ઈચ્છા પૂરી થઈ.

૩જીએ સવારના ૭.૩૦ વાગ્યાના સત્સંગ પછી, તેમણે એક લગ્ન કરાવ્યું. તેમણે ગહન, વિચાર કરતા કરી દે તેવું વક્તવ્ય આપ્યું, જેમાં તેમણે સાદગી અને સંતોષની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તે પછી માસ્ટરે કેટલીક અંગત મુલાકાતો લીધી અને પછીથી ૫મી ઓગસ્ટે તેઓ ચેન્નાઈ જવા રવાના થયા.

## ચેન્નાઈ

ચેન્નાઈ પાછા ફરતાં, માસ્ટરે ૮મી તારીખે, રવિવારે સત્સંગ કરાવ્યો અને અભ્યાસીઓના ચહેરા પર આનંદ સ્પષ્ટપણે દેખાઈ આવતો હતો. તેઓ ૯મીએ ગાયત્રી જવા રવાના થયા અને સાંજનો સમય તેઓ વિવિધ વિષયો, જેમ કે અભ્યાસીની ફરજો અને વિવિધ સાંકૃતિઓ, જેવા વિષયોની ચર્ચામાં ગાળતા હતા.

૧૪મીએ સાંજે એમણે એલએમઓઆઈએસ છાત્રાલયની મુલાકાત લીધી હતી, અને વિદ્યાર્થીઓ સાથે રાત્રિ ભોજન લીધું હતું. માસ્ટર ખુશમિજાજમાં હતાં અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપવામાં, વક્તવ્ય આપવામાં અને જે વિદ્યાર્થીઓ ઈન્ટર સ્કૂલ કોમ્પીટીશનમાં એવોર્ડ જીતીને હાલમાં જ પરત ફર્યા હતા, એમના સમૂહ પાસેથી ગીતોનો આનંદ માણવામાં તેઓ અત્યંત ઉદાર બન્યા હતા. સંગીતની અગત્યતા વિશે બોલતાં એમણે કહ્યું હતું કે આત્મા માટે એ પોષણક્ષમ છે અને એમને આશા છે કે શાળામાં ખૂબ જ ગીત–સંગીત થશે. પૂ.માસ્ટર સાથે આ સમય વિતાવીને દરેક જણ ઘણી ખુશી અનુભવતા હતા. ૧૯ થી ૨૦ ઓગસ્ટ સુધી થનારા નોર્થ અમેરિકન સેમિનાર માટે ૮૦૦ થી વધારે અભ્યાસીઓ અને ૨૦૦ બાળકો, નોર્થ અમેરિકાથી મણપાક્કમ આવ્યા હતા. પૂ.માસ્ટરની ઉપસ્થિતિમાં સેમિનારની શરૂઆત સત્સંગો અને તેમના વક્તવ્યોથી થઈ હતી. ભાઈ કન્નન, ભાઈ પી.આર.ક્રિષ્ના દ્વારા અપાયેલા ભાષણો, એસ.આર.સી.એમ યુ.એસ.એ અને એસ.આર.સી.એમ કેનેડાની વાર્ષિક સામાન્ય સભા, પૂ.માસ્ટરની નવા અભ્યાસીઓ અને પ્રશિક્ષકો તેમજ કાર્યકર્તા જૂથો સાથેની મુલાકાત, ઓમેગા સ્કૂલની મુલાકાત, પ્રશ્નોત્તરી બેઠક અને એન.એ. અભ્યાસીઓ તથા બાળકો


Panvel Ashram


With LMOIS hostel students

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

દ્વારા થયેલી સાંસ્કૃતિક રજૂઆતો, એ આ સેમિનારની કેટલીક વિશેષતાઓ હતી.

જાણે કે કોઈ પરીકથા હોય, તેમ ધ્યાનની પહેલીજ બેઠકથી જાણે એવો જાદૂ છવાઈ ગયો હતો કે નકામા વિચારો અને ઘરની ચિંતા તો ખરી જ પડી હતી. યુએસએ જનરલ બોડી મીટીંગમાં પૂ.માસ્ટરે તેમના વકતવ્યમાં એમ જણાવ્યું કે આપણી પાસે વિશાળ તક રહેલી છે, જેને ઝડપવી જોઈએ, તેને છોડી ન દેવી જોઈએ. તેમણે કહ્યું, "...શિયાળાની ઠંડીમાં ક્યારેક બરફ પડે તો જોઈએ, તે માટે ખિસકોલીઓ અખરોટ શોધી શોધીને, ખાડા ખોદીને ભરી રાખે છે અને પછી ક્યારેક તો તેઓ કદી ખાધા જ ન હોય, એવા અખરોટના આ ઢગલા નીચે જ મરેલી મળી આવે છે." તેવું ન થવું જોઈએ.


સેમિનાર દરમિયાન, માસ્ટર્સ કોટેજના દ્વાર વખતોવખત ખોલવામાં આવતા હતા અને સૌને આ જ્યોતની નજીક જવાની પરવાનગી મળતી હતી. આ ઉદારતા એ સૂચવતું હતું, કે આપણે આપણો હેતુ કેવી રીતે સારવો. ભાઈઓ અને બહેનો, રાષ્ટ્રને પરિવર્તન કરવાની શરૂઆત અને અંત તમારાથી જ છે – તમારાં હૃદયો ખોલી નાંખો અને તેને ક્યારેય બંધ થવા દેશો નહીં. શુક્રવાર, ૨૦મી ઓગસ્ટના રોજ સેમિનાર સમાપ્ત થયો અને અભ્યાસીઓના હૃદયો તેમના કૃપાભર્યા પ્રેમમાં તરબોળ થઈ ગયા હતા અને 'તેમની' ઉપસ્થિતિમાં વધારે સમય ગાળવાની તડપ અનુભવી રહ્યાં હતાં.



## નવીન પ્રકાશનો


લખનૌમાં, પૂ.માસ્ટરના જન્મોત્સવ દરમિયાન કેટલાંક નવીન પ્રકાશનોનાં વિમોચન થયાં. બહાર પાડવામાં આવેલાપુસ્તકોની યાદી નીચે આપેલી છે.

જર્મનીના બહેન બ્રિગેટ સ્મીથ દ્વારા લેખિત અને સચિત્રાંકન કરેલું આ પુસ્તક બાળકો તેમજ તેમના માતા–પિતા માટે છે, જેમાં સહજ માર્ગના દસ નિયમોનું સાદા શબ્દોમાં આલેખન છે. આ ખરેખર એક કલાકૃતિ છે!








'હી, હુકા એન્ડ આઈ' સીરીઝમાં દ્વિતીય, 'હબલ બબલ'ની નકલો એકસાથે છ ભારતીય ભાષાઓમાં, મરાઠી, ગુજરાતી, કન્નડ, તમિલ, તેલુગુ અને મલયાલમમાં પ્રકાશિત કરવામાં આવી.





વોટ ઈઝ સહજ માર્ગ
સ્પેનીશ





ઈન હીઝ ફૂટસ્ટેપ્સ
ઈટાલીયન





પ્રશિક્ષક ડિરેક્ટરી




કોલ ઓફ સ્પીરીચ્યુઆલીટી
ભાગ ૧ અને ૨
અંગ્રેજી




રોલ ઓફ ધ માસ્ટર ઈન હ્યુમન રિવોલ્યુશન
આસામી





ગુરુ એન્ડ ધ ગોલ
હિન્દી




હાર્ટસ્પીક ૨૦૦૫
હિન્દી





રિયાલીટી એટ ડૉન
નેપાલી




લીવ્સ ફ્રોમ ધ ટ્રી ઓફ લાઈફ
અંગ્રેજી




પ્રિસેપ્ટર્સ જર્નલ





યુથ ડાયરી

# ભૂતકાળમાં ડોકિયું

## પૂ.લાલાજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ, મદ્રાસ, ૧૯૭૩.





આ પ્રસંગનો ઉલ્લેખ કરીને પૂ.માસ્ટરે ખૂબજ સુંદર રીતે તેમની પોતાની ડાયરી, 'ઈન હીઝ ફૂટસ્ટેપ્સ, ભાગ–૨'માં પ્રકાશિત કર્યું છે. આપણા પૂ.મામીજીની આગેવાની હેઠળ એક જૂથ દ્વારા એક પ્રાર્થનાથી આ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. ખાસ આ પ્રસંગ માટે મદુરાઈથી જૂઈ અને ગુલાબનો હાર મંગાવવામાં આવ્યો હતો, જે પૂ.માસ્ટરે પૂ.બાબુજી મહારાજને પહેરાવ્યો હતો. આ પ્રસંગે પૂ.લાલાજી મહારાજના કાર્યનો ઉલ્લેખ કરતું ખાસ પુસ્તક'ટ્રુથ ઈટરનલ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. વિમોચન પછી તરતજ બધાં જ ૫૦૦ પુસ્તકો દસ રૂપિયા પ્રતિ નકલના ભાવે વેચાઈ ગયા હતા.

પૂ.માસ્ટર યાદ કરતાં કહે છે, કે પૂ.બાબુજી મહારાજે ખાસ શતાબ્દી મહોત્સવના સ્મૃતિચિહ્ન રૂપે પ્રસિદ્ધ થયેલો તેમનો સંદેશ વાંચ્યો હતો અને તેઓ લખે છે, કે "તેમણે તેમના તૈયાર કરેલા વ્યાખ્યાનમાંથી લગભગ ૨૦ મિનિટ વાંચ્યું હતું અને લાલાજીને યાદ કરતાં જ બે વાર તેઓ લાગણીથી ભાવવિભોર બની ગયા હતા. એકવાર આંસુ છલકાઈ આવ્યા અને વાંચન ચાલુ રાખતા પહેલાં તેઓ આંસુ લૂછવા માટે અટક્યા હતા. તેમનામાં તેમના ગુરુજી પ્રત્યે કેવો પ્રેમ અને ભક્તિભાવ હતો! શું આપણે આપણા માસ્ટર માટે ક્યારેય આવી હૂબહૂ પ્રતિકૃતિ કરી શકીશું?"

પૂ.બાબુજીનો સંદેશો આપણામાં એવી અવર્ણનીય ભાવના જાગૃત કરી શકે છે તે લાગણી, આપણને હૃદયના અંતરતમ સ્તરે લઈ જાય છે, જે આપણા જીવનના મુખ્ય ધ્યેયની અને આપણા પ્રિયતમ સાથેના શાશ્વત સંબંધની યાદ અપાવે છે.

ગુરુજી ખૂબ જ પ્રેમપૂર્વક યાદ કરે છે કે પૂ.બાબુજી મહારાજ આ મહોત્સવના પ્રબંધની રીતથી કેટલા ખુશ હતા અને ૨૭મી ફેબ્રુઆરી ૧૯૭૩ના રોજ તેઓ આ વિશે લખે છે: "પૂ.ગુરુજી સાંજે ગાયત્રી આવ્યા અને જ્યારે અમે એકલા હતા, ત્યારે તેઓ મને ભેટી પડ્યા અને તેમણે કહ્યું, 'હું તારાથી ખૂબ જ પ્રસન્ન છું; તેં એક બહુ મોટું કાર્ય સિદ્ધ કર્યું છે.' " આપણે એવી આશા સાથે પ્રાર્થના કરીએ કે આપણા પ્રેમ, નિષ્ઠા અને પ્રતિબદ્ધતા દ્વારા આપણા ગુરુના હૃદયમાં આવો આનંદ લાવી શકીએ.

પૂ.બાબુજી મહારાજના આ પ્રસંગના સંદેશમાંથી કેટલાંક અવતરણો:

"આપણે આ પ્રસંગનો ઉપયોગ ફક્ત ગુરુજી માટે અને ગુરુમય થઈને કરવો જોઈએ, જે આધ્યાત્મિક વિકાસ માટે ભોજન અને પુષ્ટિકારક દવાનું કામ કરે છે. સ્મરણ એવા પ્રકારનું હોવું જોઈએ કે દરેક જગ્યાની વસ્તુઓમાંથી તેમના સ્મરણના વિચારો, ધીમે ધીમે બહાર આવતાં અનુભવી શકાય! આ એક સાચું સ્મરણ છે, જે જીવાત્મા પાસે હોઈ શકે. તે આપણા ભલા માટેનો પાઠ છે."

"જો કોઈ વ્યક્તિ પોતાની જિંદગીની સમસ્યાનો સરળતાથી ઉકેલ લાવવા ઈચ્છતો હોય, તો તેણે મનને સાચા સૂચનો આપવા જોઈએ. તે એક સ્થિતિ છે, જે અભ્યાસ અને પોતાના સ્વને યોગ્ય ઢાંચામાં ઢાળવાથી આવે છે. પોતાની સ્થિતિ કે જે દિવ્ય છે, તેમાં ટકી રહેવું ખૂબજ સરળ છે. તે વિકાસ માટેની વિશ્વસનીય ક્રિયા છે. વાસ્તવિકતાને પ્રાપ્ત કરવા તરફનું થોડું માનસિક વલણ જ ભવિષ્યનું નિર્માણ કરવું શરું કરશે."

## અખિલ ભારતીય નિબધ લેખન સ્પર્ધા ૨૦૧૦

આ સ્પર્ધાનું આયોજન એસ.આર.સી.એમ.એ ભારત અને ભૂતાન માટેના યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટરસાથે મળીને યુ.એન.ઈન્ટરનેશનલ ઈયર ઓફ ધ યુથ (ઓગસ્ટ ૨૦૧૦થી ૨૦૧૧)ના જાહેર સ્મરણોત્સવ માટે કરાયું છે. વિદ્યાર્થીઓ નીચે દર્શાવેલી ભાષાઓમાં નિબંધ લખી શકશે: અંગ્રેજી, ગુજરાતી, હિંદી, કન્નડા, મલયાલમ, મરાઠી, તમિલ અને તેલુગુ. આ સ્પર્ધા અંગેની વધુ માહિતી મેળવવા અને કેવી રીતે ભાગ લેવો, તે જાણવા માટે તમારા સંસ્થાકીય વડાનો સંપર્ક કરો અથવા ઈમેલ કરો: **essay2010@sahajmarg.org**

તમે આને લગતી નિર્દેશિકાઓ તેમજ પ્રાદેશિક ભાષાઓની પુસ્તિકાઓ (અંગ્રેજી, ગુજરાતી, હિંદી, કન્નડા, મલયાલમ, મરાઠી, તમિલ અને તેલુગુ) આપણાં મિશનની વેબસાઈટ પરથી ડાઉનલોડ પણ કરી શકો છો.

ચારિત્ર્ય જીવનને સુરક્ષિત રાખે છે.
(ધોરણ ૬ થી ૯)

સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતા નથી, પણ પોતાને માટે જે યોગ્ય હોય, તેને પસંદ કરવાનું શાણપણ છે
(ધોરણ ૧૦ થી ૧૨)

મહત્વાકાંક્ષાથી ઉચ્ચ આકાંક્ષા તરફ, મેળવવાથી બનવા તરફ
(સ્નાતકો અને અનુસ્નાતકો)

## નવી નિમણૂંકો

પૂ.માસ્ટરે તા.૨૪મી ઓગસ્ટ ૨૦૧૦ ના રોજ કેટલીક નવી નિમણૂંકો કરેલી છે.

ભાઈ પી.સી .જોહરી (વ્યવસ્થાપક, સિલીગુડી આશ્રમ)

ભાઈ એસ.એસ.મુરગોડ (વ્યવસ્થાપક, ક્રેસ્ટ, બેંગલોર)

## પત્રવ્યવહાર માટે માર્ગદર્શિકા

અભ્યાસીઓને વિનંતી કરવામાં આવે છે કે ગુરુજી સાથે પત્રવ્યવહાર કરવા માટે નીચેની લીન્ક પર દર્શાવાયેલ માર્ગદર્શિકાને તપાસીને તેને અનુસરે:
http://www.sahajmarg.org/resources/correspondence-guidelines

## અનુવાદકોની જરૂર છે

એકોઝ ઈન્ડીયાની ટીમને અંગ્રેજીમાંથી ગુજરાતી, હિંદી, કન્નડા, મલયાલમ, મરાઠી, તમિલ અને તેલુગુમાં ન્યુઝલેટરના અનુવાદ માટે સ્વયંસેવકોની જરૂર છે. તમારે માહિતીનું ભાષાંતર કરીને તેને ટાઈપ કરવાનું પણ રહેશે. મહેરબાની કરીને તમારી પાર્શ્વભૂમિકા, સમયની ફાળવણી અને કોમ્પ્યુટરની આવડત વિશેની માહિતી નીચેની ઈમેલ પર લખી મોકલશો:
**in.newsletter@srcm.org**

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# જ્ઞાન અને અભ્યાસના સ્તરનો વધારો


Yelburga

## ઉત્તર કર્ણાટક


Basavakalyan

નવા અભ્યાસીઓને તાલીમ આપતા કાર્યક્રમોની શ્રૃંખલામાં બાસાવાકલ્યાણ, બીજાપુર, ગાદગ, ચેલબર્ગા, હુબલી તથા ધારવાડ, બેલુર, કાલુર અને નવનગરમાં ચોજાચા હતા. ભાઈશ્રી નીજલીંગપ્પા, ડો. ગજેન્દ્રસિંઘ, ભાઈ અદ્ભુત કામથ, બહેન સુજાતા નાવલે, બહેન ગીતા ડી., ભાઈ પ્રહલાદ પકનીકર, બહેન ગીતા રેશમી અને ભાઈ રાજુ કાસમપુરકરે આ કાર્યક્રમોનું માર્ગદર્શન કર્યું હતું. એસ.એમ.આર.ટી.આઈ. દ્વારા કન્નડામાં તૈયાર કરવામાં આવેલા નવા પ્રવેશકો માટે તાલીમ કાર્યક્રમોમાં દ્રશ્ય અને શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



Gadag

સહજ માર્ગ સાધનાના મૂળ તત્ત્વો ધ્યાન, સફાઈ, રોજનીશી લેખન, પ્રાર્થના અને ભંડારાઓ, આપણાં મિશનના ઉદ્દેશ્યો, આપણાં ગુરુજીઓનો ટૂંકમાં ઔપચારિક પરિચય, એસ.એમ.એસ.એફ. અને તેનાં કાર્યો, એસ.એમ.આર.ટી.આઈ., કેસ્ટ અને રિટ્રીટ સેન્ટર વિશેની માહિતી પણ આ તાલીમ કાર્યક્રમમાં આવરી લેવામાં આવી હતી.

## આંધ્ર પ્રદેશ

૧૮ જુલાઈના રોજ કુરનૂલ ખાતે એક આખા દિવસનો એટીપી સ્તર–૧ નું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૨૧ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિઓ મોટેભાગે યુવાનો તેમજ જેમણે છેલ્લા એક વર્ષમાં સહજ માર્ગ સાધનાની શરૂઆત કરી હોચ, તે અભ્યાસીઓ હતા. કાર્યક્રમ ખૂબજ ઉત્સાહ સાથે શરૂ થયો હતો. ભાગ લેનારાઓએ અનુભવ્યું કે પૂ.માસ્ટરની ઓડિયો–વીડીયો કલીપ્સ દ્વારા તેમની સાધનાના મૂળ તત્ત્વોને સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ થયું હતું. તેમણે વ્યક્ત કર્યું કે આ કાર્યક્રમ અતિશય લાભદાયક હતો અને તેમને એસ.એમ.એસ.એફ.ની પ્રવૃત્તિઓ, જેવી કે કેસ્ટ, રિટ્રીટ કેન્દ્રો વગેરે અંગે વધારે જાણવા મળ્યું. ૮ ઓગસ્ટના રોજ ત્રીસ અભ્યાસીઓ માટે એક આખા દિવસનો એટીપી સ્તર–૧નો કાર્યક્રમ, તેલુગુ ભાષામાં, ચેમ્મીગાનુર કેન્દ્રમાં ચોજાચો હતો. ચેમ્મીનાગુર એ ૮૦ અભ્યાસીઓ સાથે નવું ઉભરતું કેન્દ્ર છે. કાર્યક્રમમાં ભાગ લેનારા અભ્યાસીઓએ તેમની સહજ માર્ગ સાધના છેલ્લા એક વર્ષ કે તેથી વધારે સમયથી કરી હતી. અભ્યાસીઓએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વાતચીતમાં ખૂબજ રૂચિ ધરાવી હતી અને તેમનામાંથી મોટા ભાગના અભ્યાસીઓ માટે તો આ તેમના અભ્યાસની શરૂઆત પછીનો પ્રથમ તાલીમ કાર્યક્રમ હતો.


Kurnool


Yemmigannur

## તામિલનાડુ

૨૫થી ૨૭ જૂન દરમિયાન ચેટ્ટીપલાચમના ચોગાશ્રમ, તિરુપુર ખાતે અભ્યાસીઓ માટે એક ત્રિદિવસીચ તાલીમ કાર્યક્રમ ચોજાચો હતો. તામિલનાડુના ૧૯ કેન્દ્રો પરથી ૬૯ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તમિલનાડુ દક્ષિણના ઝોન–ઈન–ચાર્જ ભાઈ વિદ્યનાથ રાવે સત્કાર પ્રવચન આપ્યું હતું. ભાઈ ધાનુમુરથી અને બહેન રામ્યા રામપ્રભુએ એટીપીનું તમિલ ભાષામાં માર્ગદર્શન કર્યું હતું, જે સહજ માર્ગના ધ્યાન, સફાઈ અને પ્રાર્થનાના વિષયો પર પ્રકાશ પાડતું હતું. બીજા દિવસે 'શિસ્ત અને આજ્ઞાપાલન' પર એક સત્ર ભાઈ અજય દ્વારા દર્શાવાયું હતું અને ત્યારબાદ ભાઈ રવિ સુબ્બીઆહ દ્વારા સતત સ્મરણ પર એક પ્રવચન આપવામાં આવ્યું હતું. બપોરના સત્રમાં ભાઈ રાધાકિષ્નન શ્રદ્ધા વિશે બોલ્યા હતા. ત્રીજા દિવસે રવિવારના સત્સંગ પછી બહેન રામ્યા દ્વારા "દસ નિયમો"ની સમજૂતી આપવામાં આવી હતી. કાર્યક્રમની સમાપ્તિ ભાઈ વિશ્વનાથ અને ભાઈ પ્રકાશના પ્રેરિત કરનારા વ્યાખ્યાનોથી થઈ હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર અભ્યાસીઓએ વ્યક્ત કર્યું હતું કે તેમને આ કાર્યક્રમથી ઘણો ફાયદો થયો હતો.


Tiruppur

# હોમ ગેધરીંગ અને ઓપન હાઉસીસ

## ગુલબર્ગા – ઉત્તર કર્ણાટક

તા. ૨૩મી જૂને ગુલબર્ગા ખાતે, રાધાબાઈ કુલકર્ણી ના નિવાસસ્થાને, અભ્યાસીઓ ભેગા થયા હતા. ૬ નવા અભિલાષીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. બહેન મીરા કુલકર્ણીએ સહજ માર્ગના જુદા જુદા પાસાઓ પર વકતવ્ય આપ્યુ હતું. સવાલ જવાબના એક સત્રનું આયોજન ભાઈ મનોહરસિંહે કર્યુ હતું. ચાર નવા અભિલાષીઓએ તેમની સાધના આ જ દિવસે ચાલુ કરી હતી. આખા કાર્યક્રમ દરમિયાન ઘરનું વાતાવરણ આનંદમય રહ્યુ હતું.

ગંગાવતી તાલુકામાં આવેલ ચેલબર્ગામાં, ૧૧મી જુલાઈએ, સાંજ ના સત્સંગ પછી ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ નવા અભિલાષીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ભાઈ રાજુ કારામપુરકર, ભાઈ રાજુલાલ અને ભાઈ નિજલીંગઅપ્પાએ આ પ્રસંગે વકતવ્ય આપ્યુ હતું. ભાઈ રુદ્રપ્પા, અહીંના પ્રશિક્ષક છે. તેઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત હતા. મોટાભાગના બધાએ સાધના શરૂ કરવા આતુરતા દર્શાવી હતી.

## ચીકમંગલુર, દક્ષિણ કર્ણાટક

ચીકમંગલુર સેન્ટરના અભ્યાસીઓ અને થોડા નવા અભિલાષીઓ એક અભ્યાસીના નિવાસસ્થાને, ૧૫મી ઓગષ્ટે એકઠા થયા હતા. ભાઈ સત્યનારાયણે સહજ માર્ગના ત્રણ –એમ– વિષે સમજણ આપી હતી, જેથી અભ્યાસીઓ પ્રોત્સાહિત થયા હતા.

આપણી પધ્ધતિના ભિન્ન પાસાઓ પરના વકતવ્ય પછી માલિક પરની એક ડીવીડી બતાવવામાં આવી હતી. બહેન મીનાએ સહજ દીપમના એક જૂના અંકમાંથી માલિકે એક અભ્યાસીના ચીકમંગલુર સ્થિત ફાર્મ હાઉસની મુલાકાત લીધી હતી, તેનો એક અંશ વાંચ્યો હતો. આનાથી પ્રેરિત થઈ ભાઈ કે.યુ.શેટ્ટીએ કેટલાક પ્રસંગો વર્ણવીને માલિકની અભ્યાસીઓ માટેની ચિંતા વિષે વાત કરી હતી.

કાર્યક્રમના અંતે, અભ્યાસીઓને ધ્યાનમાં બેસવાનું કહેવામાં આવ્યુ હતું અને કેવી રીતે દરેક અભ્યાસી મિશનના કામમાં મદદ કરી શકે છે, તે બાબતે મનન કરવાનું કહેવામાં આવ્ય હતું. એક આશ્રમ બંધાવો જ જોઈએ એવા પ્રસ્તાવો પણ રજૂ થયા હતા. તે એક ફળદાયી દિવસ રહ્યો હતો.

# ફળદાયી દિવસ


Thrissur


Indore


Hassan

## ત્રિચુર, કેરાલા

૪થી જુલાઈએ, ત્રિચુરના યોગાશ્રમ પર એક પૂરા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. સવારના સત્સંગ પછી, બાળકોએ પ્રમાણિકતા અને સત્ય પર એક નાટિકા રજૂ કરી હતી. એક રાજાની વાર્તા કે જેમાં તે પોતાના માણસોમાંથી એક પ્રમાણિક નાગરિક શોધવા ઈચ્છે છે અને તે આપણી દૈનિક જીંદગીમાં વિશ્વાસ અને પ્રમાણિકતાના મૂલ્યનું મહત્વ સમજાવે છે. બાળકોએ જે ઉત્સાહથી તેની રજૂઆત કરી હતી તે દર્શાવતુ હતું કે તેઓએ પોતાનામાં પણ આ મૂલ્યોનું સિંચન કર્યુ છે. જેથી તેઓ સહજ માર્ગ ના આશાસ્પદ ઉમેદવાર બની શકે.

માલિકની એક વીડીઓ બતાવવામાં આવી હતી જેમાં તેમણે આધ્યાત્મિક યાત્રામાં દર્દ કઈ રીતે એક અંગ હોઈ શકે તેનુ વર્ણન કર્યુ છે. ભાઈ શ્રી ટી.પી. નારાયણે (સેન્ટર ઈન ચાર્જ) માલિકના વાર્તાલાપનું મલયાલમ ભાષામાં ભાષાંતર કર્યુ હતું. વ્યક્તિત્વનું પ્રગટીકરણ નાં વિવિધ વાર્તાલાપોમાં રહેલા વિભિન્ન વિચારોને અભ્યાસીઓએ રજૂ કર્યા હતા. ૧૯૯૩માં પહેલીવાર બહાર પડેલા આ પુસ્તકમાં પશ્ચિમના લોકો માટે સંદેશા છે તેવું પહેલાં લાગતું હતું, પણ ૨૦૦૯ માં ફરીથી મુદ્રિત થયેલ આ પુસ્તક આ વૈશ્વિકરણના સમયે બધા માટે સંદેશ ધરાવે છે. આ પુસ્તક આપણે રોજિંદી જિંદગીમાં કઈ રીતે મૂલ્યોનું પાલન કરી શકીએ તે દર્શાવે છે. ટૂંકમાં, આ પુસ્તક આપણા દસ નિયમો પર વિસ્તારપૂર્વક સમજાવે છે કે જે આપણા મૂલ્ય આધારિત અસ્તિત્વની આધારશિલા છે. આ કાર્યક્રમ સાંજના સત્સંગથી પૂરો થયો હતો.

## દસ નિયમો પર ચર્ચા વિચારણા, ઈન્દોર

ઈન્દોર સેન્ટરના લગભગ ૨૭ અભ્યાસીઓએ દસ નિયમો પર ચર્ચા કરવા તેમજ તેનું પાલન કરવા બાબતે એક જૂથ બનાવ્યુ હતું દરેક સભ્ય નિયમિત રૂપે ભેગા થતા હતા અને એક નિયમ પર ચર્ચા વિચારણા કરતા હતા. પછી તેઓ તેનું પાલન કરવા પ્રયત્નો કરતા હતા. તેઓએ તેમનામાં એક ખાસ પ્રકારના ઉત્સાહનો અનુભવ કર્યો હતો. ભાઈ અવિનાશ કરમાકર અને ભાઈ રાજેશ રાવેરકરે આ પ્રવૃત્તિનું આયોજન કર્યુ હતું.

## હાસ્સન, દક્ષિણ કર્ણાટક

હાસ્સન સેન્ટરે, ૧૧ જુલાઈ , શનિવારે,ભાઈ શ્રીનીવાસ અને ભાઈ સુબ્રમણ્ય ને પૂરા દિવસના કાર્યક્રમનું સંચાલન કરવા આમંત્રિત કર્યા હતા, જેમાં હાસ્સન અને ચીકમંગલુર ના ૬૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો.

સત્સંગ પછીના પહેલા સત્રમાં ભાઈ શ્રીનીવાસે ગુરુનું મહત્વ, અને સહજ માર્ગ પધ્ધતિની સમજૂતી આપી હતી. બીજા ભાગમાં ભાઈ સુબ્રમણ્યે ચારિત્ર્યનું મહત્વ અને દરેકની જિંદગીમાં દસ નિયમોને સામેલ કરવા બાબતે વકતવ્ય આપ્યું હતું.

બપોર પછીના સત્રમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો. અભ્યાસીઓએ તેમની દૈનિક સાધનાને લગતી ઘણી શંકાઓનું નિવારણ કર્યુ હતું. ઘણા અભ્યાસીઓએ તેમના અનુભવો જણાવ્યા હતા અને સાંજના સત્સંગ બાદ કાર્યક્રમ પૂરો થયો હતો.



Bangalore



Ghaziabad

## સામૂહિક ચર્ચાવિચારણા – મુરાદાબાદ

૧૫ મી ઓગષ્ટ ના રોજ, મુરાદાબાદ કેન્દ્રના યોગાશ્રમના મેડિટેશન હોલમાં સામૂહિક ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. સત્સંગ પછી રાખવામાં આવેલા ચર્ચા વિચારણાના કાર્યક્રમમાં ૩૦ અભ્યાસીઓએ ભાગ લીધો. ભાઈ અમિતે આ સભાનું સંચાલન કર્યું હતુ અને અભ્યાસીઓ સાત સમૂહમાં વહેંચાઈ ગયા હતા. પૂ.માસ્ટરના લખનૌ ઉત્સવ પ્રસંગે અપાયેલા વક્તવ્યો, સેવા અને સ્વ–વિકાસ, જેવા વિષયો આપવામાં આવ્યા હતા. દરેક સમૂહ, પોતાની ચર્ચા વિચારણામાંથી કાઢેલા મુદ્દા અને નિષ્કર્ષ વિષે થોડી મિનિટો માટે બોલ્યા. અભ્યાસીઓએ અનુભવ્યું કે પ્રેમ, ભાઈચારો અને પૂજ્ય માસ્ટર પ્રત્યેની કૃતજ્ઞતાની ઉષ્માથી ભરેલી, તે ખૂબજ ઉપયોગી સભા હતી.

## બેંગલૂરુના સ્વયંસેવકો માટે યાદગાર શનિ–રવિ

બેંગલોર કેન્દ્રને ત્રણ આશ્રમના આશીર્વાદ મળ્યા છે. પરમધામ, ઝોનલ અને બાનાશંકરી. દરેક આશ્રમમાં અભ્યાસીઓને સમય પસાર કરવાની તક આપવા માટે, સ્વયંસેવાના કાર્યમાં ભાગ લેવા માટે અને આધ્યાત્મિક વાતાવરણમાં રહેવા માટે વિક એન્ડ એટ આશ્રમ કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. પહેલો કાર્યક્રમ જૂનમાં ઝોનલ આશ્રમમાં રાખવામાં આવ્યો હતો, ત્યારબાદ ૧૦ અને ૧૧ જુલાઈએ બાનાશંકરી આશ્રમમાં રાખવામાં આવ્યો હતો.

મેડિટેશન હોલ અને આજુબાજુના વિસ્તારની સફાઈ કરવી, નાસ્તો અને બપોરના ભોજનની તૈયારી કરવી જેવી જુદી જુદી પ્રવૃતિમાં અભ્યાસીઓએ ભાગ લીધો. દિવસના બીજા પ્રહરની સભા, સેવા અને અભ્યાસી જ્યારે સ્વયંસેવાના કાર્યમાં જોડાય છે ત્યારે તેનો વ્યવહાર કેવો હોવો જોઈએ, તેની ઉપર પ્રકાશ પાડનારી હતી. રવિવારના રોજ, સત્સંગ પછી, બેંગલોર કેન્દ્રમાં ચાલતી પ્રવૃતિઓ અંગેની જાણકારી આપવામાં આવી, જેમાં ઘણા અભ્યાસીઓએ તેમનો ફાળો આપવાની આતુરતા દર્શાવી.

૧૩મી ઓગસ્ટની સાંજથી પરમધામમાં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. બીજા બે દિવસ દરમિયાન લગભગ ૩૦ અભ્યાસીઓ ઉત્સાહપૂર્વક કાર્યમાં જોડાયા અને થોડી જગ્યાની સફાઈ કરી અને બાળકો માટેનો ઉદ્યાન બનાવ્યો, વરસાદના પાણીને શુધ્ધ કરતા યુનિટની અને પાણીની ટાંકીની સફાઈ કરી, રસોડાનો સ્ટોર રૂમ અને માળિયુ વ્યવસ્થિત કર્યુ, મેડિટેશન હોલની સફાઈ કરી અને શાકભાજી ઉગાડવાના વિસ્તારને સ્વચ્છ કર્યો.

બપોરના ભોજન પહેલાં સ્વયંસેવકોએ 'સેવા' ઉપર માસ્ટરના પ્રવચનો નિહાળ્યાં. બપોરના ભોજન પછી તેમણે એકબીજાને સારી રીતે જાણવા માટે નજીકના સરોવર પાસેના શાંત અને સ્વસ્થ વાતાવરણમાં સમય પસાર કર્યો. કેટલાક અભ્યાસીઓએ, તેઓના માલિક સાથેના અને ઉત્સવોમાં થયેલા અનુભવોની આપલે કરી. રાત્રિના કેમ્પ ફાયર વખતે દરેકના ચહેરા ચમકી ઉઠ્યા અને બાળકોએ ગીતો ગાઈને આનંદ માણ્યો અને હાજર રહેલા અભ્યાસીઓના હૃદયને પ્રસન્ન કરી દીધા. રાત્રિના ભોજન પછી ચલચિત્ર બતાવવામાં આવ્યું.

બીજા દિવસે, સવારના સત્સંગ પછી સેન્ટર ઈન્ચાર્જ ભાઈ પ્રભાકરે, પ્રોત્સાહિત પ્રવચન સાથે સભાનું સમાપન કર્યુ. આ કાર્યક્રમ દ્વારા જુદા જુદા ક્ષેત્રના સ્વયંસેવકોને ભેગા મળવાની અને અભિપ્રાયોની આપલે કરવાની એક અજોડ તક આપવામાં આવી હતી અને તેના પરિણામે ઘણી સમસ્યાઓ ઉકલી અને જુદા જુદા અભિગમથી અનુપમ વિચારો બહાર આવ્યા.

## યુવાનો માટેનો સમય – ગાઝીયાબાદ

ગાઝીયાબાદ કેન્દ્રએ ૨૬ અને ૨૭ જૂનના રોજ બે દિવસના રહેઠાણ સાથેના પરિસંવાદનું આયોજન કર્યુ. પરિસંવાદનો વિષય હતો, યુવા – પરિશ્રમ અને પ્રતિબધ્ધતાનો સમય. યુવા ઉપર માસ્ટરની કેટલીક વાર્તાઓમાંની એક વાર્તા સંભળાવવામાં આવ્યા બાદ, ભાઈ મહાવીર સીંઘ રોહલીઆએ સ્વાગત પ્રવચન આપ્યું. ત્યાર બાદ 'પ્રાથમિકતાને જાણો' વિષેની પ્રવૃત્તિનું આયોજન બહેન પ્રિતીએ કર્યુ હતું. રાત્રિના ભોજન બાદ બહેન અનિતા દ્વારા રસપ્રદ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે સત્સંગ પછી, વિચારોની શક્તિ ઉપરનું દસ્તાવેજી ચિત્ર 'ધી સિક્રેટ' બતાવવામાં આવ્યું. સમાજ અને કુદરત પ્રત્યેની યુવાઓની જવાબદારી વિષે બહેન અનિતાએ રજૂઆત કરી. ભાઈ શ્રી જતીને મન ના નિયમન અંગેની નાની પ્રવૃત્તિ નું આયોજન કર્યુ અને માલિકની વાર્તાઓ માંથી મુદ્દાઓની રજૂઆત કરી. આ પ્રયત્નને ભાગ લેનારાઓ તરફથી સારું અભિવાદન મળ્યું.

## નવું કેન્દ્ર– જમ્મુના સમાચાર



વન મહોત્સવની ઝુંબેશના એક ભાગ રૂપે ૧૫મી ઓગસ્ટના રોજ, જમ્મુમાં નવી ખરીદેલી જમીનના એક ભાગમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જુલાઈ ૨૦૧૦માં જમીનની સીમા ફરતેની દિવાલનું બાધકામ પૂર્ણ થયું હતું. ૯૦થી ઉપરના જુદી જુદી જાતના છોડ જેવા કે અર્જુન, બોટલ બ્રશ, દેવદાર, લીમડો, આમળા, પાંચ સિતારા, ચાઈના રોઝ, સિસમ, સિલ્વર ઓક વગેરે, આશ્રમના બાંધકામ માટે ખરીદવામાં આવેલી જમીનમાંથી એક એકર ક્ષેત્રફળમાં રોપવામાં

આવ્યા હતા. કાળઝાળ ગરમીમાં પણ લગભગ ૩૦ અભ્યાસીઓએ આમાં ભાગ લીધો હતો. ભોજનકક્ષ, રસોડું અને ટોઈલેટ બ્લોકનો નકશો, માસ્ટરને તેમની મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો.

## દાવનગીરી કર્ણાટક – આશ્રમનું બાંધકામ



દાવનગીરી કેન્દ્ર મુઠ્ઠીભર અભ્યાસીઓ સાથે શરૂ થયું હતું અને હવે સો અભ્યાસીઓ સુધી વિકસ્યું છે. રવિવારનો સત્સંગ લગભગ અ ભ્યાસીઓના ઘરમાં રાખવામાં આવતો હતો અને પછી સંખ્યા વધતાં એક શાળામાં રાખવામાં આવતો હતો. જેમ જેમ કેન્દ્ર નો વિકાસ થતો ગયો, આશ્રમની જરૂરિયાત અનુભવવા લાગી અને જ્યારે મિશન માટે ૨ એકર જમીન ખરીદવામાં આવી, ત્યારે તે એક હકીકત બની. ૨જી ફેબ્રુઆરી ૨૦૦૯ના રોજ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું અને ૨૫ અપ્રિલ ૨૦૧૦ થી સત્સંગ ચાલુ કરવામાં આવ્યો હતો અને મેડિટેશન હોલ અને રસોડાની સીમારેખા દોરીને કાર્યની શરૂઆત કરવામાં આવી હતી. મેડિટેશન હોલનું ક્ષેત્રફળ ઓસરી સાથે ૪૫ ફૂટ બાય ૪૫ ફૂટ અને રસોડુ અને ભંડાર અને કાર્યાલયનું ક્ષેત્રફળ ૬૦ ફૂટ બાય ૧૫ ફૂટ છે. મેડિટેશન હોલનું બાંધકામ અત્યારે પ્લીન્થ લેવલ સુધીનું છે અને રસોડામાં છાપરું નાખવામાં આવ્યું છે. બાંધકામ માટે પીવાના પાણી માટે અને બાગકામના હેતુથી એક વધારાનો બોરવેલ ખોદવામાં આવ્યો હતો. જમીનની લીલોતરી માટે ૬૦ સાગનાં વૃક્ષો, ૧૦ લીમડા, ૧૦ હોન્જ અને થોડા નાળિયેરીના વૃક્ષો રોપવામાં આવ્યા હતા. નવો આશ્રમ આ વર્ષના ઓકટોબર સુધીમાં તૈયાર થઈ જશે, તેવી અપેક્ષા છે.

# બાળકો માટેના મૂલ્યો

## હાથ્રસ– મધ્યપ્રદેશ

હાથ્રસ કેન્દ્રએ ૨૭ જૂનના રોજ, વીબીએસઈ શિબીરનું અયોજન કર્યું હતું, જેમાં ૩૦ બાળકોએ ખૂબ ઉમંગ અને ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સભાની શરૂઆત પાંચ મિનિટના પ્રાર્થના–ધ્યાનથી કરવામાં આવી. ભાઈ અરવિંદે, સહજ માર્ગ અને તેની દ્રષ્ટિ વિશે ટૂંકો પરિચય આપ્યો. ત્યાં ધ્યાનથી સાંભળતા અને નોંધ કરતા બાળકોને ભાઈ રિશિરાજ સિંઘે, આપણા દૈનિક જીવનમાં શારીરિક વ્યાયામ, તંદુરસ્તી અને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું. ભાઈ અમિત, હરેન્દ્ર અને અન્ય સ્વયંસેવકોએ જુદી જુદી નાટિકાઓનું આયોજન કર્યું. આ કેમ્પમાં શબ્દરચનાની, બુધ્ધિઆંકની, સામાન્ય જ્ઞાનની, તેમજ અન્ય રમતો પણ યોજવામાં આવી અને તે દ્વારા તેમની શિક્ષાને આનંદપૂર્વક શિખવાડી. ઉનાળુ શિબીરનો અંત, ભાગ લેનારાઓને સ્મૃતિ ચિન્હની ભેટ આપીને કરવામાં આવ્યો હતો.

## ઈન્દોર–એમ.પી.



ઈન્દોર કેન્દ્રએ ૨૧ થી ૨૫ જૂન સુધી, પાંચ દિવસના વીબીએસઈના બાળકો માટેના કેમ્પનું આયોજન કર્યું, જેમાં લગભગ ૭૦ બાળકોએ ભાગ લીધો. કેન્દ્રનું આ સતત બારમું વર્ષ હતું, જે દ્વારા બાળકોને નૈતિકતાના મૂલ્યોની સમજણ આપવામાં આવી. વીબીએસઈની પ્રવૃત્તિની સાથે સાથે, અન્ય ઈતર પ્રવૃત્તિ જેમ કે માટીની કળા, કાચ પરનું રંગકામ, નૃત્ય કળા, અગ્નિ વિના બનતી વાનગી વગેરે શીખવવામાં આવ્યું.

દિવસની શરૂઆત મિશનની પ્રાર્થના સાથે થઈ, ત્યાર બાદ પાંચ મિનિટના મૌન અને ત્યાર બાદ યોગ દ્વારા કરવામાં આવી. ત્યારબાદની દસ મિનિટ દરમિયાન, ચલચિત્ર દ્વારા નૈતિક મૂલ્યોની સમજણ આપવામાં આવી. ત્યાર બાદ બાળકો તેમના નિર્ધારીત સમૂહમાં તેમની નિર્ધારીત પ્રવૃત્તિઓ માટે બે કલાક માટે ભેગા થયા. તેઓ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા, વહેંચવું, કોઈની કદર કરવી અને સહકાર આપવો, જેવાં મૂલ્યો શીખ્યાં.



## પીલીભીત – યુ.પી

પીલીભીટ કેન્દ્ર દ્વારા, ૧૦થી ૧૪ વર્ષના બાળકો માટે ૧૧થી ૨૦ જૂન સુધી વીબીએસઈ ઉનાળુ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૪૦ બાળકોએ ઘણા ઉત્સાહ સાથે શિબીરમાં ભાગ લીધો. શિબિરની શરૂઆત સવારના ૬–૩૦ મિનિટે કરવામાં આવી અને પ્રવૃત્તિઓ અલગ અલગ વિભાગોમાં વહેંચવામાં આવી હતી. પ્રથમ વિભાગમાં શારીરિક વ્યાયામ, પ્રાર્થના અને ધ્યાનનો સમાવેશ કરવામાં આવ્યો, જે વીબીએસઈ અભ્યાસક્રમનો એક વિષય છે. આ બધાની સાથે સાથે, અલગ અલગ ક્ષેત્રના મહેમાનો જેમ કે સમચાર પત્ર, ટ્રાફીક નિયમન, ડાક ઘર, સમય સંચાલન, કોમપ્યુટર, આરોગ્ય વગેરે દ્વારા વાર્તા અને રજૂઆત કરવામાં આવી. કાગળના રમકડા, હાથ કારીગરી, ચિત્રકામ, ગીત, નિબંધ લેખન અને નાની નાટિકાઓ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. કેમ્પના છેલ્લા દિવસે, ભાગ લેનારા બાળકોના માતા પિતાને, બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલા ગીતો અને નૃત્યના કાર્યક્રમને નિહાળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# દિવ્ય પ્રકાશનું કેન્દ્ર

"જીવન એ સનાતન કેળવણી માટે ની રચના છે.....તેનો જીવનમાં ક્યારેય અંત નથી આવતો. તે હમેંશા અનાદિ અનંત છે. આપણને એ ખબર નથી કે કેળવણી ની શરૂઆત ક્યારે થઈ, પણ તેનો અંત ક્યારેય નહીં આવે કારણકે જેમ જેમ આપણે ઉત્તરોત્તર ઉત્ક્રાંતિ કરતા રહીશું તેમ તેમ આપણે કાર્યરત રહીશું."



## નૈત્રમપલ્લિ, તામિલનાડુ

નૈત્રમપલ્લિ આશ્રમ ઓક્ટોબર ૨૦૦૪માં ભાઈ ઓમપ્રકાશે આપણી સંસ્થાને દાનમાં આપેલો અને તે પછી તેઓ અભ્યાસી બન્યા અને પ્રશિક્ષક પણ બન્યા. નૈત્રમપલ્લિ આશ્રમ માસ્ટરની અવારનારની ચૈનાઈ અને બેન્ગલોર વચ્ચેની વાહનમાર્ગની મુસાફરીમાં રોકાણ માટેનું આદર્શ સ્થળ છે. તે એક નૈસર્ગિક અને રમ્ય સ્થળ છે, જે ગામની વચ્ચે આવેલ છે અને ત્યાંથી ૨૦ કિ.મી. દૂર આવેલા ચેલગિરિ પર્વતમાળાથી તે ઘેરાયેલું છે.

પહેલાં એક એકરની જમીન લાંબી અને સાંકડી હતી, તેથી તેના ઉપર લંબાઈના પ્રમાણમાં બાંધેલો આશ્રમ દૂરથી જાણે એક યુધ્ધ જહાજ જેવો લાગે છે. આ આશ્રમ કદાચ સંપૂર્ણ બાંધેલો અને ત્વરીત ઉપયોગમાં લઈ શકાય તેવી સુસજ્જિત અવસ્થામાં આપણી સંસ્થાને દાનમા મળેલો. તે જૂજ આશ્રમોમાંનો એક આશ્રમ છે. સમયાંતરે જેમ જેમ તેમાં ઉમદા દાનવીરો ઉમેરો કરતા ગયા, તેમ તેમ વિસ્તૃતિકરણ માટે આવકના સ્ત્રોત્ર ઉપલબ્ધ થતા ગયા.

આ કદના આશ્રમનું બાંધકામ તેની ક્ષમતાની તુલનામા નોંધપાત્ર છે. જ્યારે તે દાનમાં આપવામાં આવેલો, તે સમયે પણ તેમાં મેડિટેશન હોલની ક્ષમતા ૨૦૦૦ અભ્યાસીઓને સમાવી શકે તેટલી હતી. આશરે ૫૦૦ અભ્યાસીઓની ડોરમેટરિને રસોડા અને ભોજનખંડમાં સમાવી શકાય તેટલી ક્ષમતા હતી. તેમાંના કેટલાંક નાના રૂમોને ભેગા કરીને માસ્ટર્સ કોટેજ અને પુસ્તકાલયમાં રૂપાંતરીત કરેલાં છે.

આ આશ્રમ એસઆરસીએમના આજુબાજુના નાના કેંન્દ્રો અને પેટા કેંન્દ્રોના સમૂહ વચ્ચે આદર્શ રીતે સ્થિત છે અને તેથી તે આધ્યાત્મિક મેળાવડાઓ માટેનું કેંન્દ્ર બન્યું છે. અહીં રવિવારના સત્સંગમાં, આજુબાજુના સેન્ટરો, જેવા કે તિરૂપ્તુર, વાનિયાબાંડી, વેલ્લુકોટ્ટાઈ અને પચુરના અભ્યાસીઓ હાજરી આપે છે. તદુઉપરાંત, મહીનામાં એક આખા દિવસના કાર્યક્રમમાં હોસુર, ક્રિષ્નાગિરિ, બર્ગુર, કાવેરીપટણમ, કુપ્પમ, પણન્દુર, જગદેવી, વિકોટે, અર્ણિ અને વેલ્લોરના અભ્યાસીઓની હાજરીથી સભ્યસંખ્યા ૨૦૦ સુધી પહોંચી જાય છે.

આ આશ્રમમાં પૂ.માસ્ટરની પસંદગીથી ઓગસ્ટ ૨૦૦૫માં પ્રશિક્ષક સેમિનાર (કેરાલા ઝોન) અને ડીસેમ્બર ૨૦૦૬ માં ત્રણ સપ્તાહ માટે આંતર રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ તાલીમ કાર્યક્રમ યોજયેલો હતો.

છેલ્લા બે વર્ષ દરમિયાન, આશ્રમની બન્ને બાજુએ ૧.૭૫ એકર અને ૦.૯૪ એકર જેટલી જમીન ખરીદવામાં આવેલી. મોટી જમીન ઉપર, શાકભાજી, ફળ અને ફૂલની ખેતી કરવામાં આવે છે, જેનાથી અભ્યાસીને સેવા કરવાની તક મળે છે, જે દરમિયાન તેમની વચ્ચે સ્નેહ અને સુમેળ વધે છે. આવકના સાધન તરીકે એક મોટી પપૈયાની વાડી પણ ઉગાડવામાં આવી હતી, જેના પપૈયાના વખાણ કરતાં માસ્ટરે કહ્યું હતું કે દેશનું આ સૌથી મીઠું પપૈયુ છે.

નૈત્રમપલ્લી આશ્રમ ઉત્કંઠ હૃદયો માટે એક આધ્યાત્મિક બગીચો છે, જે આવનારા વર્ષોમાં તેમની કેળવણી અને ઉન્નતિમાં ફાળો આપવાનું ચાલુ રાખશે.







**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**
© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.